
# ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવ

ભગવાન મહાવીરની વાણીમાંથી પ્રથમ શ્રુતસ્કંધના સંસ્થાપક ભગવાન શ્રી ધરસેનાચાર્ય છે. ધવલા શાસ્ત્રના લખાણોમાંથી જણાય છે કે સૌરાષ્ટ્રદેશના ગિરિનગર (વર્તમાન ગિરનાર) ની ચંદ્રગુફામાં રહેવાવાળા અષ્ટાંગ મહિનિમિત્તના પારગામી, પ્રવચનવત્સલ તથા અંગશ્રુતના વિચ્છેદની આશંકાથી ચિંતિત ધરસેનાચાર્યદેવે દક્ષિણદેશના આચાર્યોને એક સમાચાર મોકલ્યા. તે આચાર્યો કોઈ ધર્મોત્સવ નિમિત્તે દક્ષિણદેશની મહિમાનગરીમાં એકત્ર થયા હતાં. ધરસેનાચાર્યદેવે તે સમાચારમાં એવી ઈચ્છા દર્શાવી કે "બે યોગ્ય શિષ્યો અહીં આવીને તેમની પાસેથી ષટ્ખંડાગમનું અધ્યયન કરે."

દક્ષિણદેશના આચાર્ય શ્રી અર્હદ્બલિએ શાસ્ત્રના અર્થગ્રહણ તથા ધારણમાં સમર્થ, દેશ, કુળ, શીલ અને જાતિથી ઉત્તમ, સમસ્ત કળાઓમાં પારંગત બે મુનિવરોને વેણા નદીના તટથી ગિરનાર મોકલ્યા. તે બંને મુનિવરોને ધરસેનાચાર્ય પાસે મોકલવાની રાત્રિએ જ આચાર્ય ધરસેનને એક સ્વપ્ન આવ્યું જેમાં તેમને બે સુંદર પુષ્ટ વૃષભ સ્વપ્નમાં દેખાયા,




આચાર્ય ધરસેનને રાત્રિના સમયે બે શક્તિશાળી સુંદર બળદોનું સ્વપ્ન

જેથી ધરસેનાચાર્યને સમર્થ મુનિવરોનું આગમન જાણી ઘણો હર્ષ થયો. તે બંને મુનિવરોએ ત્યાં પહોંચીને આચાર્ય ધરસેનની ત્રણ પ્રદક્ષિણા કરી તથા તેમના ચરણોમાં આસીન થઈ સવિનય નમસ્કાર કર્યા. આચાર્ય ધરસેને તે બંને યોગ્ય શિષ્યોની પરીક્ષા[2] લીધી. પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તે બે મુનિવરોને આચાર્યે સિદ્ધાન્તનો ઉપદેશ આપ્યો. આ બંને મુનિવરો [1]પુષ્પદંત અને ભૂતબલિ નામના આચાર્યો હતા. આ ઉપદેશ અષાઢ સુદ-૧૧ના રોજ પૂર્ણ થતાં જ વર્ષાકાળ (ચાતુર્માસ) નિકટ આવી જવાથી ધરસેનાચાર્યદેવે તે બંને આચાર્યોને તે જ દિવસે વિદાય આપી દીધી. બંને શિષ્યોએ ગુરુની આજ્ઞા અનુલ્લંઘનીય માનીને તેનું પાલન કર્યું અને ત્યાંથી નીકળીને અંકલેશ્વરમાં ચાતુર્માસ કર્યો.


ઈન્દ્રનંદિકૃત શ્રુતાવતાર અને વિબુધ શ્રીધરકૃત શ્રુતાવતાર ગ્રંથોના આધારે જણાય છે કે શ્રી ધરસેનાચાર્યદેવને અણસાર આવી ગયો હતો કે તેમનું મૃત્યુ નિકટ છે તેથી તે મુનિવરોને તેના લીધે ક્લેશ ન થાય તે હેતુથી આગંતુક મુનિવરોને તાત્કાલિક પોતાની પાસેથી વિદાય આપી દીધી.

શ્રી ધરસેનાચાર્યદેવ સફળ અધ્યાપક તથા આચાર્ય હતા. આચાર્ય વીરસેનસ્વામીએ ધરસેનાચાર્યદેવની વિદ્વતા અને પાંડિત્યનું વર્ણન કરતાં લખ્યું છે કે તેઓ પરવાદિરૂપ હાથીના સમૂહનો મદ નાશ કરવા માટે શ્રેષ્ઠ સિંહ સમાન હતા. તેમજ સિદ્ધાન્તરૂપી શ્રુતનું પૂર્ણતયા મંથન કરનાર હતા. માત્ર એટલું જ નહીં તેઓ (૧)દરેક અંગ અને પૂર્વોના એકદેશજ્ઞાતા હતા. (૨) અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી હતા. (૩) લેખનકળામાં પ્રવીણ હતા. (૪) મંત્ર-તંત્ર વગેરે શાસ્ત્રોના જાણનાર હતા. (૫) મહાકમ્મપયડિપાહુડના વેત્તા હતા.

---

૧. પુષ્પદંત મુનિનું મૂળનામ સુબુદ્ધિ મુનિ તથા ભૂતબલિનું મૂળ નામ નરવાહન મુનિ હતું. પરંતુ આચાર્ય ભગવાન ધરસેનાચાર્યદેવ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કર્યા બાદ દેવો દ્વારા સુબુદ્ધિ મુનિની દંતપંક્તિ ઠીક કરવાથી તથા નરવાહન મુનિની ભૂત જાતિના દેવો દ્વારા પૂજા થઈ હોવાથી અનુક્રમે તેમનાં નામ આચાર્ય પુષ્પદંત અને આચાર્ય ભૂતબલિ પ્રસિદ્ધ થયાં.

૨. પુષ્પદંત અને ભૂતબલિની બુદ્ધિની પરીક્ષા માટે ધરસેનાચાર્યદેવે બે મંત્રો આપ્યા હતા, તેમાં એક મંત્ર અધિક અક્ષરવાળો તથા બીજો મંત્ર હીન અક્ષરવાળો હતો. ગુરુએ ષષ્ઠોપવાસ બાદ તે મંત્રોને સિદ્ધ કરવાનો આદેશ આપ્યો. શિષ્યો મંત્રસાધનામાં જોડાઈ ગયા, જ્યારે મંત્રના પ્રભાવથી તેમની અધિષ્ઠાત્રી દેવીઓ ઉપસ્થિત થઈ ત્યારે એક દેવીને દાંત બહાર નીકળેલા હતા. જ્યારે બીજી કાણી હતી. દેવતા વિકલાંગ હોતા નથી એમ નિશ્ચય કરી તે બંને મુનિવરોએ મંત્રસંબંધી વ્યાકરણશાસ્ત્રના આધારે મંત્રોનું શોધન કર્યું તથા મંત્રોને શુદ્ધ કરી ફરીથી સાધનામાં સંલગ્ન થયા ત્યારે તે દેવીઓ પુનઃ સૌમ્ય-સુંદરરૂપે ઉપસ્થિત થઈ. આ પ્રમાણે સિદ્ધિ બાદ તે બંને શિષ્યો ગુરુ સમક્ષ ઉપસ્થિત થયા અને વિનયપૂર્વક વિદ્યાસિદ્ધિ સંબંધી સમસ્ત વૃત્તાંત નિવેદન કર્યું. ગુરુ ધરસેનાચાર્ય શિષ્યોની દક્ષતાથી પ્રભાવિત થયા બંને શિષ્યો તેમની કસોટીમાં પાર ઉતર્યા તેથી તેઓશ્રીએ શુભતિથિ, શુભ નક્ષત્ર અને શુભવારે સિદ્ધાન્તના અધ્યાપનનો પ્રારંભ કર્યો.




આચાર્ય ધરસેનજી દ્વારા આચાર્ય પુષ્પદંત તથા ભૂતબલિને ષટ્ખંડાગમનો ઉપદેશ

(૬) પ્રવચન અને શિક્ષણ આપવાની કળામાં દક્ષ (નિપુણ) હતા. (૭) પ્રવચન વત્સલ હતા. (૮) પ્રશ્નોત્તર શૈલીમાં શંકા-સમાધાનપૂર્વક શિક્ષણ આપવામાં કુશળ હતા. (૯) ગહન વિષયને સંક્ષેપમાં પ્રસ્તુત કરવામાં પણ તેઓ કુશળ હતા. (૧૦) અગ્રાયણીપૂર્વના પંચમવસ્તુ અધિકારના ચોથા પ્રાભૃતના વ્યાખ્યાતા હતા. (૧૧) પઠન, ચિંતન તથા શિષ્યોને ઉદ્‌બોધનની કળામાં પારંગત હતા. (૧૨) એકાંતપ્રિય તથા જ્ઞાન-ધ્યાનમાં મગ્ન રહેવાવાળા હતા. (૧૩) તદુપરાંત તેમને સમાધિમરણ પ્રિય હતું.

ધવલાટીકાના ઉલ્લેખો પરથી આચાર્ય ધરસેનના ગુરુનું નામ પ્રાપ્ત થતું નથી. આચાર્ય ઈન્દ્રનંદિ રચિત શ્રુતાવતારમાં આચાર્ય લોહાર્ય સુધીની ગુરુપરંપરા બાદ વિનયદત્ત, શ્રીદત્ત, શિવદત્ત અને અર્હદત્ત આ ચાર આચાર્યોનો ઉલ્લેખ મળે છે. આ સર્વે આચાર્યો અંગ અને પૂર્વના એકદેશ જ્ઞાતા હતા. ત્યારબાદ અર્હદ્‌બલિનો ઉલ્લેખ છે. તેઓ મોટા સંઘનાયક હતા અને તેઓએ સંઘોની સ્થાપના કરી હતી. આચાર્ય અર્હદ્‌બલિ બાદ શ્રુતાવતારમાં આચાર્ય માઘનંદિ અને તેમના પછી આચાર્ય ધરસેનના નામનો ઉલ્લેખ છે. આ ત્રણે વચ્ચે ગુરુશિષ્યનો સંબંધ હતો કે નહીં તેનો શ્રુતાવતારમાં કોઈ નિર્દેશ કર્યો નથી.

નંદિસંઘની પ્રાકૃત પટ્ટાવલી પરથી એમ જણાય છે કે આચાર્ય અર્હદ્‌બલિ, આચાર્ય માઘનંદિ, આચાર્ય ધરસેન, આચાર્ય પુષ્પદંત અને આચાર્ય ભૂતબલિ એકબીજાના ઉત્તરાધિકારી હતા. તેથી ધરસેનના દાદાગુરુ આચાર્ય અર્હદ્‌બલિ અને ગુરુ આચાર્ય માઘનન્દિ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી. ગુર્વાવલીમાં આચાર્ય ધરસેનનો નિર્દેશ નથી. તેથી આ ગુર્વાવલિના આધારે એમ નિશ્ચિતપણે ન કહી શકાય કે આચાર્ય ધરસેનના ગુરુ આચાર્ય માઘનન્દિ જ હતા. એ સત્ય છે કે આચાર્ય ધરસેન વિદ્યાનુરાગી હતા તથા શાસ્ત્રાભ્યાસમાં સંલગ્ન રહેવાને કારણે સંઘનું નાયકત્વ આચાર્ય માઘનંદિના બીજા શિષ્ય આચાર્ય જિનચંદ્રના શિરે આવી પડ્યું હોય! આચાર્ય ધરસેને પુષ્પદંત અને ભૂતબલિને સિદ્ધાન્ત આગમનું અધ્યયન કરાવીને એક નવી પરંપરા સ્થાપિત કરી હોય. તેઓશ્રીની ષટ્‌ખંડાગમ તથા યોનિપ્રાભૃત બે રચનાઓ કહી શકાય.

આચાર્ય ધરસેનનો કાળ ઈતિહાસકારોના મતે ઈ.સ. ૩૮ થી ૧૦૬ આસપાસનો માનવામાં આવે છે.

પ્રથમ શ્રુતસ્કંધ ઉપદેશક ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવને કોટિ કોટિ વંદન.